# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-02-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## નાણામંત્રી-MSMEને પ્રોત્સાહન

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણે ગઇકાલે મુંબઈમાં મધ્યમ અને લઘુ ઉદ્યોગો માટે મ્યુચ્યુઅલ ક્રેડિટ ગેરંટી યોજનાનો આરંભ કરાવ્યો હતો. નાણામંત્રીએ જણાવ્યું હતું કે આ યોજનાથી **MSME** ને પ્રોત્સાહન મળશે. જેના પર છેલ્લા ત્રણ બજેટમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ યોજના **MSME** ને કોલેટરલ વિના મશીનરી અથવા સાધનો ખરીદવા માટે 100 કરોડ રૂપિયા સુધીની લોનની સુવિધા આપશે.

---------------------------------------------------------------------------------

## ગાંધીનગર-NIPER સેમિનાર

ગાંધીનગરમાં આવેલી રાષ્ટ્રીય ઔષધીય શિક્ષણ અને સંશોધન - **NIPER** પરિસર ખાતે ગઇકાલથી ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનો પ્રારંભ થયો છે. આ સેમિનારનો મુખ્ય વિષય કેન્દ્રીય ચેતાતંત્રની ખામી માટે મિકેનિઝમથી મેડિસિન છે, જેમાં ભારત, ફ્રાન્સ, જર્મની, સાઉથ કોરિયા, જાપાન અને અમેરિકા સહિતના દેશના આશરે 73 થી વધુ વિધાર્થીઓ જોડાશે.

---------------------------------------------------------------------------------

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી

રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા, 66 નગર પાલિકા અને તાલુકા-જિલ્લા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની મતગણતરી આજરોજ હાથ ધરાશે. મતગણતરી માટેની તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. મતગણતરી પહેલા તમામ ઇવીએમ ચુસ્ત

પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાની નજર હેઠળ રાખવામાં આવ્યાં છે. રાજ્યમાં રવિવારે શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન સંપન્ન થયું હતુ. આ ચૂંટણીમાં 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારોનું ભાવિ **EVM**માં સીલ થયું હતું.

---------------------------------------------------------------------------

## વાહનવ્યહાર નિગમનો નિર્ણય

ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન નિગમના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. નોકરી દરમિયાન કર્મચારીનું અવસાન થાય તો તેના કુટુંબને 14 લાખ રૂપિયાની સહાય અપાશે.

વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવ્યા મુજબ નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા વર્ગ-3 અને 4ના કર્મચારીઓના 24 સપ્ટેમ્બર 2022 કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબને 14 લાખ રૂપિયાની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવાશે, આ ઉપરાંત વિવિધ કચેરીઓ ખાતે નિયુકત કરાયેલ પાંચ વર્ષીય ફિકસ પગારની કરારીય સેવાના વર્ગ-3 અને 4ના અવસાન પામેલ કર્મચારીઓના કુટુંબને પણ 14 લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવશે.

---------------------------------------------------------------------------

## વડી અદાલતનો જન્મ નોંધણી અંગેનો ચૂકાદો

ગુજરાત વડી અદાલત જણાવ્યું છે કે, જન્મના પ્રમાણપત્રમાં નોંધવામાં આવેલી જન્મતારીખ જ માન્ય ગણાશે. આ બાબતે ચુકાદો આપતાં વડી અદાલતે જણાવ્યું કે, આધાર કાર્ડ, પાનકાર્ડ કે ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા પ્રમાણપત્રમાં દર્શાવેલી જન્મ તારીખ સંપૂર્ણ રીતે માન્ય ગણાશે નહીં. વડી અદાલતે ઉમેર્યું કે, જન્મ-મરણની નોંધણીના રજીસ્ટરમાં નોંધાયેલી તારીખ જ માન્ય ગણાશે. હોસ્પિટલના રેકર્ડ પ્રમાણે જન્મની નોંધણીમાં નોંધાયેલી તારીખ એ જ સાચી તારીખ ગણી શકાય.

---------------------------------------------------------------------------

# રાજ્યમાં વિકાસ કાર્યો માટે ભંડોળ

રાજ્ય સરકારે નગરો-મહાનગરોમાં વિવિધ વિકાસ કામો માટે, રૂપિયા 537 કરોડ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ,સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત ગાંધીનગર, અમદાવાદ, રાજકોટઅને ભાવનગર મહાનગરપાલિકાઓને રૂ.૩૦૯ કરોડ ૭૨ લાખ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જે અંતર્ગત કચ્છ જિલ્લાની માંડવી નગરપાલિકામાં ચોમાસામાં નુકશાન થયેલ માર્ગોના રિસરફેસિંગ માટે વધારાની ગ્રાન્ટ તરીકે રૂ.૧ કરોડ ૭૦ લાખ  ફાળવવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------

# બોર્ડ દ્વારા પરીક્ષાની હૉલ ટિકિટ

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10 તથા સંસ્કૃત પ્રથમ તથા ધોરણ-12 સામાન્ય પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ, સંસ્કૃત મધ્યમા સહિતના ઉમેદવારોની 27 ફેબ્રુઆરીથી શરૂ થનાર પરીક્ષાની હૉલ ટિકિટ જાહેર કરવામાં આવી છે.

આ હૉલ ટિકિટ શાળા દ્વારા બોર્ડની વેબસાઇટ **ssc.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી ડાઉનલોડ કરી શકાશે.

---------------------------------------------------------------------------------------

# સીમા સુરક્ષા દળોનું સંમેલન

ભારત અને બાંગ્લાદેશના સીમા સુરક્ષા દળોનું સરહદી સમન્વય સંમેલન ગઇકાલે નવી દિલ્હીમાં શરૂ થયું. 55મુ મહાનિદેશક સંમેલન 20 ફેબ્રુઆરી સુધી ચાલશે. આ કોન્ફરન્સમાં બંને દેશો વચ્ચે શ્રેષ્ઠ સમન્વય અંગે ચર્ચા ચાલી રહી છે. સંમેલનમાં બાંગ્લાદેશના અસામાજિક તત્વોં દ્વારા સીમા સુરક્ષાકર્મીઓ અને નાગરિકો પરના હુમલા, તેમજ એક તરફની વાડ બનાવવાની ચર્ચા થશે.

---------------------------------------------------------------------------------------